અપીલ અરજી નં.૩૭૨ તા.૧–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ધનશ્યામભાઈ બાબુભાઈ રોકડ તથા ડો.બાબુલાલ શાહ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનશ્યામભાઈ બાબુભાઈ રોકડ તથા ડો.બાબુલાલ શાહની તા.૪–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ આપ સાહેબશ્રીના તા.૩–૮–૧૦ ના રોજ લખેલ પત્રના અનુસંધાનમાં ધટતા દસ્તાવેજી પુરાવા રજુ કરવાની યાદી આપવા બાબત. મુદ્દા નં.૨ વિઠ્ઠલનગર સોસા. ના બાંધકામ પાસ થયેલા પ્લાન મુજબ છે કે એમા ફેરફાર છે તેની માહિતી આપવા વિનંતી. મુદ્દા નં.૩ વિઠ્ઠલનગર સોસા.ના ગાળા ટાઈપનું માપ શું છે અને સ્થળ પર કેટલા ફુટનું બાંધકામ છે તેની લેખિત માહિતી આપવા વિનંતી વિ. મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૨/૨૦૧૦–૧૧.

શ્રી ધનશ્યામભાઈ બાબુભાઈ રોકડ તથા ડો.બાબુલાલ શાહની તા.૪–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ આપ સાહેબશ્રીના તા.૩–૮–૧૦ ના રોજ લખેલ પત્રના અનુસંધાનમાં ધટતા દસ્તાવેજી પુરાવા રજુ કરવાની યાદી આપવા બાબત. મુદ્દા નં.૨ વિઠ્ઠલનગર સોસા. ના બાંધકામ પાસ થયેલા પ્લાન મુજબ છે કે એમા ફેરફાર છે તેની માહિતી આપવા વિનંતી. મુદ્દા નં.૩ વિઠ્ઠલનગર સોસા.ના ગાળા ટાઈપનું માપ શું છે અને સ્થળ પર કેટલા ફુટનું બાંધકામ છે તેની લેખિત માહિતી આપવા વિનંતી વિ. મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૬૫૪ તા.૩૧/૧/૧૧ થી આપવામાં આવેલ માહિતી અધુરી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા. વધુમાં મુદ્દા નં.૩ અને ૧૧ ની વિગતો આપના નિયંત્રણ હેઠળના વિભાગમાં છે કે અન્ય કક્ષાએ? જો અન્ય કક્ષાએ હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે કે કેમ? તથા તેમના નિયંત્રણ હેઠળ હોય તો આરટીઆઈ નિયમો ૨૦૧૦ હેઠળ ફી ભરવા પત્ર પાઠવવામાં આવેલ છે કે કેમ? તે વિગતો પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૬ તા.૧૦–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના તા.૩૧–૧–૧૧ ના પત્ર અન્વયે ફી ભરપાઈ કરી નકલો મેળવેલ છે કે કેમ? મુદ્દા નં.૩ અને ૧૧ તથા ૧૩ અંગે અનુક્રમે આકારણી ખાતા તથા કચેરીમાં દફતર ચકાસવા ગયેલ છે કે કેમ? જો ગયેલ હોય તો તે પછી શી વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૫૪ તા.૧૮–૩–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં પૂરક પત્ર, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૫૪ તા.૩૧–૧–૧૧ ના પત્રની નકલ, લોકેશન નં.૧૮સી–૧૩ –૨૬૬૧–0–00૧ના સને૨00૨–0૩, ૨00૩–0૪, ૨00૪–0૫, ૨00૫–0૬, ૨00૭–0૮ અને ૨00૯– ૨0૧0 ના ટેક્ષપેયરના સ્ટેટસની નકલ, અરજદારે રૂા.૧૩0/– તા.૨૪–૨–૧૧ ના રોજ માહિતી મેળવ્યા અંગેની ફી ભરપાઈ કર્યા અંગેની રસીદની નકલ, સદર ટેના. નંબરનું અસલ પત્રક–અ તા.૧–૪–0૬ની સ્થિતિનું અને સુધારેલ પત્રક–બ ટેનામેન્ટ નંબર ૨૬૭૧નું ૧–૪–0૬ ની સ્થિતિનું પત્રક તેમજ ખાસ નોટીસ નં.૮૬૧ ટેનામેન્ટ નંબર ૨૬૭૧ માટેનું આકારણી દફતરના ઉતારાની નકલ–૨00૮–0૯ ની ટેનામેન્ટ નંબર ૨૬૫૧,૨૬૫૩,૨૬૪૧, તથા ૨૬૭૧ તથા ૨૬૮૧ માટેની વિગતો અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે દફતર ચકાસવા કે નારાજગી અંગે કોઈ વિગતો રજૂ કરેલ નથી.

અરજનદારની તા.૪–૧–૧૧ ની અરજીથી વિઠ્ઠલનગર સોસા.ના પ્લોટ નં.૨૬૨ થી ૨૬૯ બાંધકામ, આકારણી, વિગેરેને લગતી મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી માંગતી અરજી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૫૪ તા.૩૧–૧–૧૧ થી અરજદારને નિર્દિષ્ટ સમયગાળામાં માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલી માહિતી સંતોષકારક નથી તથા પૂરો નિર્ણય મળેલ નથી અને અધૂરી માહિતી આપેલ હોવાનું જણાવી તા.૧–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ થી ૫ અને ૭ થી ૧૨ માટે તકરાર જણાવેલ છે. જેમાં મુદ્દા નં.૧ આપ સાહેબશ્રીના તા.૩–૮–૧૦ ના રોજ લખેલ પત્રના અનુસંધાનમાં ઘટતા દસ્તાવેજી પુરાવા રજુ કરવાની યાદી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ

નં.એસઆરટી/૬૭૩/૧૯૮૭ માં ગાળા નં.ડી–૨૬૭ ની ચર્તુસીમા અને બાંધકામની વિગતો હાલની સ્થળ સ્થિતિ સાથે સુસંગત નથી. આ વિસંગતતાને અનુરૂપ સ્પષ્ટતા થતી હોય તેવા અદ્યતન સૈધ્ધાતિક પુરાવા જે આપની પાસ ઉપલબ્ધ હોય તે આપવાના રહે છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં ઘટતા દસ્તાવેજોના પુરાવા રજૂ કર્યા હોવાથી અદ્યતન સૈધ્ધાર્તિક પુરાવાનું લીસ્ટ માંગેલ છે જે આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. પરંતુ તેમની ૩–૮–૧૦ ની અરજીની નકલ કે મળેલ પ્રત્યુત્તરની વિગતો અપીલ તબકકે અરજદારે રજૂ કરેલ નથી. જે અરજદારે મુળ અરજીમાં માંગણી કરેલ છે અને અરજદારે ઘટતા પુરાવા પૂરા પાડેલ જણાવેલ હોઈ તો કયા પુરાવા બાકી રહે છે તેની યાદી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહે. મુદ્દા નં.ર વિઠ્ઠલનગર સોસા. ના બાંધકામ પાસ થયેલા પ્લાન મુજબ છે કે એમા ફેરફાર છે તેની માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "ના" વિઠ્ઠલનગરનું બાંધકામ પાસ પ્લાન મુજબ નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં પ્લાન મુજબનુ બાંધકામ ન હોવાથી સી.૨૬૭ ની ચર્તુસીમા બાંધકામએ મંજુર પ્લાન ન હોય તો જવાબદારી કોની હોય છે અને કયા અધિકારીઓને લાગુ છે તેની માહિતી આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ . મુદ્દા નં.૩ વિઠ્ઠલનગર સોસા.ના ગાળા ટાઈપનું માપ શું છે અને સ્થળ પર કેટલા ફુટનું બાંધકામ છે તેની લેખિત માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં વિઠ્ઠલનગર સોસા.ની વિકાસ પરવાનગી સને ૧૯૭૮ માં આપેલ છે જેમાં વિગતવાર માપો દર્શાવેલા છે જેની નકલ મેળવી લેવા વિનંતી. સ્થળ પરના બાંધકામની માપની વિગતો માટે આકારણી ખાતામાંથી નિયત ફી ભરપાઈ કરીને મેળવી લેવી રહે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં વિઠ્ઠલનગર સોસ.નો વિકાસ પરવાનગી સને ૧૯૭૮ માં ૧૨×૪૦ નું મંજુર પ્લાન પ્રમાણે છે પણ સ્થળ પર કાંઈર અલગ જ છે જેથી અરજી આકારણી વિભાગને તબદીલ કરી માહિતી પૂરી પાડવી જોઈએ તે માહિતી પૂરી પાડેલ નથી કે નિયત ફી નો લેટર. જે અંગે અરજદારે તા.૧૭–૩–૧૧ ના રોજ ઈન્સ્પેકશન કરેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે તેમજ અરજદાર આકારણીને લગતી માહિતી મળેલ છે તેવું તા.૧૭–૩–૧૧ ના રોજ લખીને સહી કરેલ છે. મુદ્દા નં.૪ વિઠ્ઠલનગર સોસા.ના સ્થળ ઉપર સોસા.ના નિયમો મુજબ જે બોર્ડ મારેલ છે તેમાં સી–૨૬૨ થી સી–૨૬૯ નું સ્થળ તપાસ કરતાં સી–૨૬૮ પછી સીધો સી–૨૬૫ બતાવેલ છે. જયારે સી–૨૬૬ અને સી–૨૬૫ ના પાછળની ભાગે બતાવવામાં આવેલ છે. જે નિયમ મુજબ ગેરકાયદેસર ગણાય કે નહીં? તેની લેખિત અને ખરી માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિઠ્ઠલનગર સોસા.માં સુમપા ધ્વારા કોઈ બોર્ડ લગાવવામાં આવેલ નથી કે સુમપા ધ્વારા આવી કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અપીલમાં અરજદારે વિઠ્ઠલનગર સોસા.માં સુ.મ.પા.એ બોર્ડ મારેલા છે તેવી માહિતી માંગેલ જ નથી વિઠ્ઠલનગર સોસ.ના નિયમો મુજબ જે બોર્ડ મારેલા છે તેમાં સી –૨૬૨ થોડો ૨૬૯ નું સ્થળ પર બોર્ડ મારેલું છે તો સી.૨૬૮ પછી સીધો જ સી. ૨૬૫ બતાવેલ છે તો ગાળા ટાઈપ લાઈન ૧૨×૪૦ નો હોય તો સી.૨૬૫ ની પાછળ ભાગે બતાવવામાં આવેલ છે તો મંજુર પ્લાન પ્રમાણે અને નિયમ મુજબ ગેરકાયદેસર ગણાય છે. તેની માહિતી માંગેલ છે પણ સંતોષકારક માહિતી મળેલી નથી ગેરમાર્ગે દોરેલ છે. જે અંગે અરજદારે વિઠ્ઠલનગર સોસા.ના નિયમો મુજબના બોર્ડ માર્યાની માહિતીની રજૂઆત કરેલ છે. સત્તા મંડળ તેમના રેકર્ડ ઉપરની માહિતી પૂરી પાડવાની રહે છે. તેમ છતાં અરજદાર નકશાની નકલો મેળવી તે અંગે ખરાઈ કરી શકે છે. મુદ્દા નં.૫ સી–૨૬૮ પછીથી સી–૨૬૭ જ આવે તે વાત ખરી કે ખોટી તેની માહિતી લેખિતમાં આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ મુજબ વિકાસ પરવાનગીનો નકશો મેળવી લેવાનો રહે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં સી–૨૬૮ પછી સી–૨૬૭ જ આવે મંજુર પ્લાન પ્રમાણે તેવી લેખિત માહિતી માંગેલ છે. તે માહિતી લેખિતમાં મળી નથી જેથી આપ સાહેબશ્રી પાસે રાઈટ માહિતીની આશા છે. જે અંગે અરજદારને શહેર વિકાસ વિભાગ તરફથી ૧૪–૨–૧૧ ના રોજ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી બાદ રૂા.૧૩૦ ભરીને માહિતી અરજદારને પૂરી પાડેલ છે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. તથા તેવી માહિતીથી અરજદારે સંતોષ વ્યકત કર્યાનું પણ જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે પાઠવેલ તા.૧૦–૩–૧૧ ના સંદર્ભે નારાજગી અંગેની કોઈ વિગતો રજૂ કરેલ નથી. મુદ્દા ન.૬ વિઠ્ઠલનગર સોસા.માં આવેલ પ્લોટ નં.સી–૨૬૭ ના ટેના નં.૧૮સી–૧૩–૨૬૬૧–૦–૦૦૧ ની સને ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬,૨૦૦૭ ,૨૦૦૮ , ૨૦૦૯ અને ૨૦૧૦ ની વેરાની રસીલોની ઝેરોક્ષની કોપી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિઠ્ઠલનગર સોસા.માં આવેલ પ્લોટ નં.સી–૨૬૭ ના ટેના નં.૧૮સી–૧૩–૨૬૬૧ –૦–૦૦૧ ની સને ૨૦૦૨ થી ૨૦૧૦ સુધીની પાર્ટીસ્ટેટસની નકલ પાના નંગ–૧ થી ૬ પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારની અપીલ તબકકે કોઈ રજૂઆત નથી. મુદ્દા નં.૭ વિઠ્ઠલનગર સોસા.માં સી–૨૬૫ અને સી–૨૬૬ ને આપેલ ગેરકાયદેસર બાંધકામની નોટીસની ઝેરોક્ષ નકલ આપવી. ત્યાર પછી થયેલ કાર્યવાહીની નોંધની નકલની ઝેરોક્ષ કોપી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયમ મુજબ પ્રતિ પાના દીઠ રૂા.૨/– ની ફી ભરપાઈ કર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં વિઠ્ઠલનગર સોસા.માં સી ૨૬૫ સી. ૨૬૬ ને ગેરકાયદેસર નોટીસ આપવામાં આવેલ હોવાથી સી..૨૬૬ ની નોટીસની ઝેરોક્ષ નકલ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને શહેર વિકાસ વિભાગ તરફથી ૧૪–૨–૧૧ ના રોજ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી બાદ રૂા.૧૩૦ ભરીને માહિતી અરજદારને પૂરી પાડેલ છે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. તથા તેવી માહિતીથી અરજદારે સંતોષ વ્યકત કર્યાનું પણ જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે પાઠવેલ તા.૧૦–૩–૧૧ ના સંદર્ભે નારાજગી અંગેની કોઈ વિગતો રજૂ કરેલ નથી. મુદ્દા નં.૮ વિઠ્ઠલનગર સોસા.માં સી–૨૬૫ તથા સી–૨૬૬ ના ડુપ્લેક્ષ પ્લાન પાસની ઝેરોક્ષની નકલ આપવી તથા તેમને માલીકીના

પુરાવા માટે મુકેલા દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ માં જણાવેલ પાસ પ્લાનની નકલ વરાછાઝોન રેકર્ડ પર ઉપલબ્ધ છે જે ભરવા ફી ભરી મેળવી લેવા વિનંતી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં વિઠ્ઠલનગર સોસા. ના ૧૨×૪૫ ના ગાળાની લાઈન બાંધકામ પરવાનગી હોય તેમાં ૨૭–×૩૦ નુ બાંધકામ કામ કરેલ હોય તેના બાંધકામના પરવાનગીની સી–૨૬૫ અને સી–૨૬૬ માં માહિતીમાં બાંધકામની રજાચિઠ્ઠી આપવામાં આવેલ નથી. સી–૨૬૫ ,૨૬૬ ની ગેરમાર્ગે દોરી. જે અંગે અરજદારને શહેર વિકાસ વિભાગ તરફથી ૨૪–૨–૧૧ ના રોજ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી બાદ રૂા.૧૩૦ ભરીને માહિતી અરજદારને પૂરી પાડેલ છે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. તથા તેવી માહિતીથી અરજદારે સંતોષ વ્યકત કર્યાનું પણ જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે પાઠવેલ તા.૧૦–૩–૧૧ ના સંદર્ભે નારાજગી અંગેની કોઈ વિગતો રજૂ કરેલ નથી. મુદ્દા નં.૯ વિઠ્ઠલનગર સોસા.માં ગાળાની માપતાલ ૧૨×૪૫ ઉપરાંત જે બાંધકામ થયેલ હોય તેના તમારા ખાતા ધ્વારા નોટીસ આપવામાં આવેલ છે કે નહી? તેની માહિતી લેખિતમાં આપવી તથા નોટીસ આપેલ હોય તો તેની નકલોની ઝેરોક્ષ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સોસા.માં સી–૨૬૫ તથા સી–૨૬૬ ઉપરાંત કોઈ ગાળામાં નોટીસ આપેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં માલુમ પડતું નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં વિઠ્ઠલનગર સોસા.ના ૧૨×૪૫ ના બાંધકામ ઉપરાંત થયેલ હોય જેની નોટીસ આપેલ હોય તેના પૈસા ભરવા તૈયાર હોય તો પણ ઝેરોક્ષ નકલો આપેલી નથી . જે અંગે અરજદારને શહેર વિકાસ વિભાગ તરફથી ૨૪–૨–૧૧ ના રોજ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી બાદ રૂા.૧૩૦ ભરીને માહિતી અરજદારને પૂરી પાડેલ છે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. તથા તેવી માહિતીથી અરજદારે સંતોષ વ્યકત કર્યાનું પણ જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે પાઠવેલ તા.૧૦–૩–૧૧ ના સંદર્ભે નારાજગી અંગેની કોઈ વિગતો રજૂ કરેલ નથી. મુદ્દા નં. ૧૦ તા.૨૪–૮–૧૦ ના રોજ સબંધિત અધિકારી સામે યોગ્ય પગલા લેવા માટેનો મુખ્ય સચિવના આદેશથી બહાર પડાયેલ પરિપત્રની ઝેરોક્ષ નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોનનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આવો કોઈ પરિપત્ર મળેલ હોય તેમ જણાતો નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં તા.૨૪–૮–૧૦ ના રોજ ન્યુઝ પેપરની અંદર બહાર પાડેલું જાહેરનામું મુખ્ય સચિવ ધ્વારા સબંધિત અધિકારી સામે યોગ્ય પગલા લેવા માટેનો પરિપત્રની ઝેરોક્ષ નકલ આપવામાં આવેલ નથી. જે પરિપત્ર વિશે ધ્યાન દોરી માહિતી આપવી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તેવા કોઈ પરિપત્રની રેકર્ડ ચકાસતાં ન હોવાનું જણાવેલ છે. તેમજ સદર રેકર્ડની અરજદાર ધ્વારા પણ તા.૨૪–૨–૧૧ ના રોજ ઈન્સ્પેકશન કરેલ છે. મુદ્દા નં.૧૧ ૨૦૦૭ માં વિઠ્ઠલનગરમાં થયેલ ડીમોલીશન કરેલા મકાનોની લીસ્ટ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડીમોલીશનના કારણે આકારણી દફતરે થયેલ ફેરફારની નોંધની વિગતો આકારણી ખાતામાંથી મળી શકશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં ૨૦૦૭ માં વિઠ્ઠલનગરમાં થયેલ ડીમોલીશનના મકાનોની લીસ્ટની માહિતી આપેલ નથી. તેવા પ્રશ્ન બાબતે અરજદારે આકારણી દફતરેથી તા.૧૭–૩–૧૧ ના રોજ ઈન્સ્પેકશન મેળવ્યા બાદ જરૂરી નકલો તે જ તારીખે મેળવીને સહી કરેલ અને નકલ મેળવેલ છે. મુદૃા નં.૧૨ આપ સાહેબ તરફથી તા.૧–૬–૧૦ ના રોજ લખેલ પત્ર નં.પૂર્વઝોન/ટીડી/૩૯૫–૩૯૬ થી જણાવવામાં આવેલ પત્રની ઝેરોક્ષ નકલ આપવી તથા તા.૧–૬–૧૦ ના પત્રના અનુસંધાનમાં સી–૨૬૫ અને સી–૨૬૬ના આપેલ તમામ જવાબની લેખિત નકલની ઝરૌક્ષ નકલ અને રજૂ કરેલ તમામ ઝેરોક્ષ પુરાવાની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડનું સ્વ નિરીક્ષણ કરી જરૂરીયાત મુજબના પાનાઓ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખેની ફી ભરપાઈ કરીને મળી શકશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સી–૨૬૬ ધ્વારા રજૂ કરેલ પુરાવાની ઝેરોક્ષ નકલ કે માહિતી આપેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડનું સ્વ નિરીક્ષણ કરી પાના દીઠ રૂા.૨/– ભરી મેળવવા જણાવેલ છે જે અંગે અરજદારે ઈન્સ્પેકશન કરેલ છે અને નકલો પણ મેળવેલ છે. મુદ્દા નં.૧૩ વિઠ્ઠલનગર સોસા.માં સી–૨૬૭ નું મંજુર પ્લાન પ્રમાણે અને દસ્તાવેજમાં ૪૮૦ ચો.ફુટ નું બાંધકામ ઉલ્લેખ હોય તો કયા હેતુસર ડીમોલીશન કરવામાં આવ્યું તેની માહિતી આપવી. અને દસ્તાવેજમાં બતાવ્યા પ્રમાણે ચર્તુસીમા સ્થળ ઉપર બરોબર છે કયા આધારે સ્થળ ઉપર ચર્તુસીમા સુસંગત નથી તેની સાચી અને સ્પષ્ટ માહિતી લેખિતમાં આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમના અમલીકરણના ભાગરૂપે ડીમોલીશન કરાવામાં આવેલ છે પૂર્વ તરફના રસ્તાની પહોળાઈ વરાછાઝોન ખાતે ઉપલબ્ધ મંજુર પ્લાન સાથે સુસંગત નથી જેની ખરાઈ વરાછાઝોન ઉપલબ્ધ રેકર્ડ ચકાસી જવા વિનંતી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં વિઠ્ઠલનગર સોસા.માં ગાળા ટાઈપ ૧૨×૪૫ ની લાઈનમાં શેરી ૨૬૭ માં ટીપી સ્કીમનો અમલીકરણ કરવામાં આવ્યો હોય તો ટીપી ખરેખર કેટલા ફુટની હોવી જોઈએ અને વિઠ્ઠલનગર સોસા.માં સી–૨૬૭ એક પ્લોટમાં ટીપી સ્કીમનું અમલીકરણ કરવામાં આવ્યું છે જે જાહેર માહિતી અધિકારીએ આંખ કાન આડા હાથ દઈ અરજદારને ખોટી માહિતી આપી ગેરમાર્ગે દોરીને છેતરી રહયા છે જેથી સ્પષ્ટ માહિતી મળી રહે તેવી આશા છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને ઝોન કચેરીનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસવા જણાવેલ છે અને તા.૨૪–૨–૧૧ ના રોજ અરજદારે રેકર્ડની ચકાસણી કરેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ ઘટતા દસ્તાવેજી પુરાવાઓ અંગેની માહિતી પૂરી પાડેલ નથી તથા મુદ્દા નં.૨ અંગે પ્લાન મુજબ બાંધકામ ન હોવા છતાં ચર્તુસીમા મંજુર પ્લાન હોવા અંગે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. આ સિવાયના અન્ય મુદ્દાઓ અંગે ઈન્સ્પેકશન આપી અરજદારે તા.૨૪–૨–૧૧ ના રોજ શહેર વિકાસ વિભાગ અને તા.૧૭–૩–૧૧ ના રોજ આકારણી વિભાગનું ઈન્સ્પેકશ મેળવેલ છે તેમજ તા.૨૪–૨–૧૧ ના રોજ રૂા.૧૩૦/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. જયારે તા.૧૭–૩–૧૧ ના રોજ આકારણીનું ઈન્સ્પેકશન કરી રૂા.૧૬/– ભરી માહિતી મેળવ્યાનું જણાય છે. અત્રે એ પણ સૂચક છે કે અપીલ તબકકે અરજદારને જાહેર માહિતી અધિકારીના તપાસણીના પ્રસ્તાવ બાદ તપાસણી કરેલ છે કે કેમ? તે પછી શું નારાજગી છે? તે સ્પષ્ટ કરવા તક આપવા છતાં અરજદારે કોઈ વિગતો તેમની અપીલના દાવાના સમર્થનમાં રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની નહીં પૂરી પડાયેલી માહિતી દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૨ અંગે અરજદારેઅપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ધનશ્યામભાઈ બાબુભાઈ રોકડ તથા ડો.બાબુલાલ શાહ,